# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 13-09-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ સર્વોચ્ચ અદાલતે દિલ્હી શરાબ નીતિ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સશર્ત જામીન આપ્યા
- ✓ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા- (FSSAI) એ તમામ રાજ્યોને તહેવારોની મોસમમાં ભેળસેળયુક્ત મીઠાઇઓનાં ઉત્પાદન અને વેચાણ પર કડક દેખરેખ રાખવા સૂચના આપી
- ✓ આરજી કર હોસ્પિટલની ઘટના બાદ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે મુખ્યમંત્રી મમતા બેનર્જીના સામાજિક બહિષ્કારની જાહેરાત કરી
- ✓ અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રમાં કાયમી સભ્યપદ માટે ભારતને ટેકો આપવાનો પુનરોચ્ચાર કર્યો
- ✓ ચેન્નાઈમાં રમાઇ રહેલી દક્ષિણ એશિયન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતે નવ સુવર્ણચંદ્રક જીત્યા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *SC KEJRIVAL*

સર્વોચ્ચ અદાલતે આજે દિલ્હીના મુખ્યમંત્રી અને AAPના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને  જામીન પર મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. કથિત દારૂ નીતિ કૌભાંડમાં CBI દ્વારા નોંધાયેલા ભ્રષ્ટાચારના કેસમાં જામીન સર્વોચ્ચ અદાલતે આપ્યા છે.

મુખ્યમંત્રી કેજરીવાલને 10 લાખ રૂપિયાના બોન્ડ પર શરતી જામીન આપવામાં આવ્યા હતા. સર્વોચ્ચ અદાલતે તેમની જામીન પર મુક્તિ માટેની શરતો પણ મૂકી હતી.. AAP નેતાએ આ કેસ વિશે કોઈ જાહેર ટિપ્પણી કરવી નહીં અને મુક્તિ ન મળે ત્યાં સુધી ટ્રાયલ કોર્ટ સમક્ષ તમામ સુનાવણી માટે હાજર રહેવાની પણ શરત મૂકી હતી. બુધવારે, દિલ્હીની એક અદાલતે દારૂ નીતિ કૌભાંડના સંબંધમાં મુખ્યમંત્રી કેજરીવાલની ન્યાયિક કસ્ટડી આ મહિનાની 25 તારીખ સુધી લંબાવી હતી.

## *FSSAI-ADULTERATED SWEETS*

ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા- FSSAI એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તહેવારોની મોસમમાં ભેળસેળયુક્ત મીઠાઇઓનાં ઉત્પાદન અને વેચાણ પર કડક દેખરેખ રાખવા સૂચના આપી છે. ઓથોરિટીએ ભેળસેળયુક્ત મીઠાઇઓ બનાવતી દુકાનો પર નિયંત્રણ રાખવા વારંવાર ઝૂંબેશ ચલાવવા પણ જણાવ્યું છે.

એક પત્રમાં FSSAIએ જણાવ્યું છે કે, તહેવારોની મોસમમાં મીઠાઇઓ, સ્વાદિષ્ટ ચીજો, દૂધ, ઘી, માવા અને પનીર જેવી ચીજોની માંગ વધતી હોય છે, આને કારણે કેટલાંક દુકાનદારો આ ચીજોમાં ભેળસેળ કરવા પ્રેરાય છે. આવી દુકાનો સામે પર વિશેષ દેખરેખ રાખવાથી ગેરરિતી થતી અટકશે. FSSAI એ અગ્રણી બજારોમાં ફુડ સેફ્ટી ઓન વ્હિલ્સ તૈનાત કરવાનું સૂચન કર્યું છે.

ઓથોરિટીએ ઉપરોક્ત ખાદ્ય સામગ્રી સેવન માટે સલામત હોય અને ખાદ્યાન્નના માપદંડોનું પાલન થતું હોય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

# *WB GOVERNOR ANNOUNCEMENT*

આરજી કર હોસ્પિટલની ઘટના બાદ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોસે, મુખ્યમંત્રી મમતા બેનર્જીના સામાજિક બહિષ્કારની જાહેરાત કરી છે. રાજ્યપાલે ગુરુવારે સાંજે એક વિડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, તેઓ હવે કોઈપણ જાહેર કે સરકારી મંચ પર મુખ્યમંત્રીની સાથે નહીં જાય.

રાજ્યપાલે કહ્યું, "રાજ્યપાલ તરીકે હું મારી આંખો બંધ ના કરી શકું. બંગાળના લોકો સાથે ઉભા રહીને મેં નિર્ણય કર્યો છે કે, હું મુખ્યમંત્રીનો સામાજિક બહિષ્કાર કરીશ. જો મુખ્યમંત્રી કોઈપણ સરકારી કાર્યક્રમમાં હાજર રહેશે તો હું ત્યાં નહીં જઈશ."

દરમિયાન આરોગ્ય ભવન સામે જુનિયર તબીબોનું આંદોલન ચાલુ છે. તેઓ સરકાર સાથે વાતચીતની માંગ કરી રહ્યા છે. જોકે, અનેક રાઉન્ડની વાટાઘાટો છતાં કોઈ સકારાત્મક પરિણામ આવ્યું નથી. ગુરુવારે નવાન્નમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ તે નિષ્ફળ ગયું. રાજ્યપાલે વીડિયો સંદેશમાં સ્થિતિ માટે સરકારને જવાબદાર ગણાવી હતી.

## *REV. KUMARASWAMY-EBUS SEWA SCHEME*

કેન્દ્રીય ભારે ઉદ્યોગ અને સ્ટીલ મંત્રી એચડી કુમારસ્વામીએ કહ્યું છે કે તાજેતરમાં મંજૂર થયેલી પ્રધાનમંત્રી ઇબસ સેવા યોજના હેઠળ નાણાકીય - વર્ષ2024-25 થી 2028-29 સુધી 38 હજારથી વધુ ઇલેક્ટ્રિક બસો ચલાવવામાં આવશેપત્રકારોને આ માહિતી આપતાં શ્રી કુમારસ્વામીએ . જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે જાહેર પરિવહન સત્તામંડળ દ્વારા ઇબસોની ખરીદી અને સંચાલન માટેની - આ યોજ .યોજનાને મંજૂરી આપી છેના માટે લગભગ ત્રણ હજાર ચારસો પાંત્રીસ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા આ ઇ બસો .12 વર્ષ સુધી ચાલી શકશે.

## *REV. INDIA - CHINA*

ભારત અને ચીન કેટલાંક મુદ્દાઓની તાકીદની ચર્ચા માટે સંમત થયા છે. રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં ગઈકાલે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના પોલિટિકલ બ્યુરોના સભ્ય અને સેન્ટ્રલ ફોરેન અફેર્સ કમિશન કાર્યાલયના નિયામક વાંગ યી વચ્ચેની બેઠક દરમિયાન આ ચર્ચા થઇ હતી..

સુરક્ષા બાબતો અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની બ્રિક્સ ઉચ્ચ-ક્રમાંકિત અધિકારીઓની બેઠક દરમિયાન આ મીટીંગ યોજાઈ હતી. બેઠક દરમિયાન, અજિત ડોભાલે જણાવ્યું કે સરહદી વિસ્તારોમાં શાંતિ અને વાસ્તવિક નિયંત્રણ રેખાનું સન્માન દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય કરવા જરૂરી છે. બંને પક્ષોએ સંબંધિત દ્વિપક્ષીય કરારો, પ્રોટોકોલ્સ અને ભૂતકાળમાં બંને સરકારો દ્વારા થયેલી સમજૂતીઓનું સંપૂર્ણ પાલન કરવા બંને પક્ષો સંમત થયા હોવાનું વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું.. ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધો માત્ર બે દેશો માટે જ નહીં, પરંતુ ક્ષેત્ર અને વિશ્વ માટે પણ મહત્વપૂર્ણ છે. તેમ પણ નિવેદનમાં જણાવાયું હતું.. આ બેઠકમાં બંને પક્ષોએ વૈશ્વિક અને પ્રાદેશિક પરિસ્થિતિ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# *TERRORIST ARREDT*

સલામતી દળોએ ગઈ કાલે સાંજે જમ્મુ કાશ્મીરના પુંચ જિલ્લામાં જમ્મુ કાશ્મીર ગઝનવી ફોર્સ JKGF ના સહયોગી ત્રાસવાદીની ધરપકડ કરી છે. તેની પાસેથી મોટી માત્રામાં વિસ્ફટકો અને શસ્ત્રો મળી આવ્યા છે.

સુરણકોટમાં પોથા બાયપાસ ખાતે સલામતી દળો દ્વારા સંયુક્ત શોધ અભિયાન દરમિયાન હેન્ડગ્રેનેડ, વિસ્ફોટક પદાર્થો અને સામગ્રી સાથે શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં તે દરયાલા નૌશેરાનો નિવાસી મોહમ્મદ શાબિર હોવાનું જાણવા મળ્યું હતું. તે પીઓકેના હેન્ડલરનાં સંપર્કમાં હતો. હાલમાં તપાસ ચાલી રહી છે.

# *UN INDIA*

અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્ર સલામતી સમિતિમાં ભારતના કાયમી સભ્યપદ માટે તેના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો છે. સંયુક્ત રાષ્ટ્ર સલામતી સમિતિમાં સુધારા માટે ટેક્સ્ટ-આધારિત વાટાઘાટોને પણ અમેરિકાએ સમર્થન આપ્યું છે. કેટલાક દેશો વચ્ચે મતભેદને કારણે ચર્ચા અટકી ગઈ છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં  અમેરિકાના કાયમી પ્રતિનિધિ લિન્ડા થોમસ-ગ્રીનફિલ્ડે જણાવ્યું હતું કે યુ.એસ. જનરલ એસેમ્બલીના મત માટેના ઠરાવનો મુસદ્દો તૈયાર કરવા, તેને સુધારવા માટે અને યુએન ચાર્ટરમાં સંભવિત સુધારો કરવા માટે અન્ય રાષ્ટ્રો સાથે કામ કરવા તૈયાર છે.

# *ATHLETICS*

ચેન્નાઈમાં રમાઇ રહેલા દક્ષિણ એશિયન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતે નવ સુવર્ણ ચંદ્રક જીત્યા હતા. ગઇકાલે અનીશાએ મહિલા ડિસ્કસ થ્રોમાં 49.91 મીટરના વિક્રમી અંતર સાથે ભારતનો દિવસનો પ્રથમ ગોલ્ડ મેળવ્યો હતો.

## *PM-PARALYMPIANS INTERACTION*

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ તાજેતરમાં પેરિસમાં સમાપ્ત થયેલા પેરાલિમ્પિક્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનારા ખેલાડીઓ સાથે વાતચીત કરી હતી. શ્રી મોદીએ મેડલ વિજેતાઓ અને સહભાગીઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે અભિનંદન આપ્યા હતા.  વાતચીત દરમિયાન, સુવર્ણ ચંદ્રક વિજેતા સુમિત એન્ટિલે આભાર માનતા તેમનો એક સુવર્ણ ચંદ્રક શ્રી મોદીને સમર્પિત કર્યો. રજત ચંદ્રક વિજેતા શરદ કુમારે ગેમ્સ પહેલા તેમને મળેલી પ્રેરણા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.  અન્ય ખેલાડીઓએ પણ શ્રી મોદીના શબ્દો તેમના ધ્યાનને કેવી રીતે ઉત્તેજન આપે છે તે અંગે વાત કરી હતી.

# *RAIN*

દેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદને કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગે આજે દિલ્હી માટે યલો એલર્ટ, ઉત્તરાખંડ માટે રેડ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ ઓડિશા, મિઝોરમ, નાગાલેન્ડ, મણિપુર અને ત્રિપુરા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. રાજસ્થાનમાં ધોલપુર અને આસપાસના વિસ્તારોમાં સતત વરસાદને કારણે પાર્વતી ડેમના 10 દરવાજા ખોલવામાં આવ્યા છે. જેના કારણે 50 ગામોને ચેતવવામાં આવ્યાં છે.

હવામાન વિભાગનું કહેવું છે કે, આગામી સપ્તાહથી દેશને થોડી રાહત મળશે. દેશના વિવિધ ભાગોમાં ભારે વરસાદે 48 કલાકમાં 47 લોકોના જીવ લીધા. જેમાંથી ઉત્તર પ્રદેશમાં 32, મધ્ય પ્રદેશમાં 11 અને રાજસ્થાનમાં ચાર લોકોના મોત થયા છે. ઉત્તરાખંડમાં કેદારનાથ યાત્રાને રોકવાની સાથે રાજ્યમાં આજે ધોરણ 12 સુધીની તમામ શાળાઓને બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે.